**ધોરણ 8 સામાજિક વિજ્ઞાન**

**ch 1**

**8th s.s**

**તારીખ : 02-10-2021**

**સમય : 0 મિનિટ**

**કુલ ગુણ : 40**

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** **[3]**

1. ગોલકોંડાના શાસક પાસેથી ફરમાન મેળવી મછલીપટ્ટનમમાં પોતાનું સ્થાન જમાવનાર યુરોપિયન પ્રજા કઈ હતી?

(A) અંગ્રેજ (B) ડચ (C) ફ્રેંચ (D) ડેનિશ

**જવાબ :** (B) ડચ

2. ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત કરનાર અંગ્રેજ અધિકારી કોણ હતો?

(A) ડેલહાઉસી (B) વેલેસ્લી (C) ક્લાઈવ (D) વૉરન હેસ્ટિંગ્સ

**જવાબ :** (D) વૉરન હેસ્ટિંગ્સ

3. ભારતમાં પોર્ટુગીઝોની રાજધાની કઈ હતી?

(A) દાદરા અને નગરહવેલી (B) ગોવા (C) દીવ (D) દમણ

**જવાબ :** (B) ગોવા

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[4]**

4. યુરોપનાં કયા-કાં રાષ્ટ્રોએ ભારત આવવાનો જળમાર્ગ શોધવા કમર કસી હતી

**જવાબ :** યુરોપનાં પોર્ટુગલ, સ્પેઇન, હોલૅન્ડ વગેરે રાષ્ટ્રોએ ભારત આવવાનો જળમાર્ગ શોધવા કમર કસી હતી.

5. યુરોપની પ્રજાને ભારતીય મરીમસાલાની ખૂબ આવશ્યકતા શાથી હતી.

**જવાબ :**
યુરોપની પ્રજા મહદ્અંશે માંસાહારી હોવાથી માંસ સાચવવા માટે તેમને મરી, તજ, સૂંઠ જેવા મરી-મસાલાની ખૂબ આવશ્યકતા હતી.

6. કયા યુદ્ધના પરિણામ સ્વરૂપ બંગાળમાં વિમુખી શાસન પદ્ધતિ અમલમાં આવી

**જવાબ :** ઈ. સ. 1764ના બક્સરના યુદ્ધના પરિણામસ્વરૂપ બંગાળમાં દ્વિમુખી શાસનપદ્ધતિ અમલમાં આવી.

7. કયા ધારા અન્વયે સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ ?

**જવાબ :**
ઈ. સ. 1773ના નિયામક ધારા અન્વયે ભારતમાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[2]**

8. દ્વિતીય અંગ્રેજ – મરાઠા યુદ્ધનાં પરિણામો જણાવો.

**જવાબ :** દ્વિતીય અંગ્રેજ – મરાઠા યુદ્ધ ઈ. સ. 1803થી 1805 વચ્ચે થયું. તેમા ગવર્નર જનરલ વેલેસ્લીના સૈન્યના હાથે મરાઠાઓની હાર થઈ. આ યુદ્ધથી ઓડિશા અને યમુના નદીની ઉત્તરે આવેલા આગરા અને દિલ્લીના પ્રદેશો અંગ્રેજોની સત્તા નીચે આવ્યા.

*** નીચે આપેલ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ છે.)** **[3]**

9. ભારતની પ્રજા માટે વિદેશી શાસન અને વિદેશી કાયદો એ બંને અસ્વીકાર્ય છે.' મહાત્મા ગાંધીના આ વિધાનને સમજાવો.

**જવાબ :** વિદેશી શાસન અને વિદેશી કાયદો બંને ભારતને પરાધીન સ્થિતિમાં રાખનાર મુખ્ય પરિબળો હતાં. બંને પરિબળોએ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના પાયા મજબૂત બનાવ્યા હતા. બ્રિટિશ શાસનનાં વિવિધ તંત્રોએ ભારતમાં ગરીબી, બેકારી અને ભૂખમરો સર્જ્યાં હતાં. ગામડાંનું અર્થતંત્ર છિન્નભિન્ન કર્યું હતું. શહેરોમાં અનેક સમસ્યાઓ ઊભી થઈ હતી. અંગ્રેજોએ ભારતીયો વિરુદ્ધ નિરંકુશ રીતે વિદેશી કાયદાઓનો ઉપયોગ કર્યો હતો. પરિણામેભારતમાં બ્રિટિશ શાસન પ્રત્યે અવિશ્વાસનું વાતાવરણ ઊભું થયું હતું. ભારતના વિદ્વાન અને બુદ્ધિશાળી લોકોએ વિદેશી શાસન – બ્રિટિશ શાસનનો ઉગ્ર વિરોધ કર્યો. મહાત્મા ગાંધીએ પણ બ્રિટિશ શાસનમાંથી ભારતને સ્વતંત્ર કરવા ચલાવેલી રાષ્ટ્રીય ચળવળ દરમિયાન લખ્યું હતું કે, “ભારતની પ્રજા માટે વિદેશી શાસન અને વિદેશી કાયદો એ બંને અસ્વીકાર્ય છે, કારણ કે તેનાથી ભારતીય જનતાની સુખાકારીને બદલે બ્રિટિશ સ્વાર્થની પૂર્તિ થાય છે.'

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 4 ગુણ છે.)** **[8]**

10. યુરોપિયન પ્રજાને ભારત તરફનો જળમાર્ગ શોધવાની ફરજ પડી. વિધાન સમજાવો.

**જવાબ :** પ્રાચીનકાળથી ભારત અને યુરોપના દેશો વચ્ચે મોટા પાયા પર વેપાર-ધંધો ચાલતો હતો. એ સમયે યુરોપનાં બજારોમાં મરી-મસાલા, તેજાના, સુતરાઉ કાપડ, રેશમી કાપડ, ગળી, સૂરોખાર, ઇમારતી લાકડાં, અફીણ વગેરેની ખૂબ મોટા પ્રમાણમાં નિકાસ થતી હતી. પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચેનો વેપાર મધ્ય એશિયાના જમીનમાર્ગે થતો. એ સમયમાં કૉન્સ્ટેન્ટિનોપલ શહેર ભારત અને યુરોપ વચ્ચે જમીનમાર્ગે ચાલતા વેપારનું મુખ્ય મથક હતું. ઈ. સ.1453માં તુર્કોએ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

યુરોપનું પ્રવેશદ્વાર ગણાતું આ શહેર જીતી લીધું. પરિણામે યુરોપના દેશોનો ભારત સાથેના વેપારનો માર્ગ બંધ થઈ ગયો. યુરોપના દેશોમાં ભારતનો માલ જતો બંધ થઈ ગયો. યુરોપની પ્રજા મહદ્અંશે માંસાહારી હોવાથી માંસ સાચવવા તેમને ભારતના મરી-મસાલાની અત્યંત આવશ્યકતા હતી. યુરોપના લોકોને ભારતનાં મરી મસાલા, તેજાના, સુતરાઉ કાપડ વગેરે વિના ચાલી શકે તેમ નહોતું. તેથી યુરોપિયન પ્રજાને ભારત તરફનો જળમાર્ગ શોધવાની ફરજ પડી.

11. બ્રિટિશ પોલીસતંત્ર વિશે મુદ્દાસર નોંધ લખો.

**જવાબ :** લશ્કર જેટલું જ બ્રિટિશ પોલીસતંત્રનું મહત્ત્વ હતું. તેથી ગવર્નર જનરલ લૉર્ડ કોર્નવૉલિસે ભારતના કંપનીના તાબાના સમગ્ર વિસ્તારના પોલીસતંત્રમાં એકસૂત્રતા લાવવા કેટલાક સુધારા કર્યા. તેણે પરંપરાગત ભારતીય સામંતશાહી પોલીસખાતાની જગ્યાએ આધુનિક પોલીસખાતાની સ્થાપના કરી. તેણે જિલ્લા કક્ષાએ પોલીસ અધિકારી તરીકે જિલ્લા પોલીસ અધિક્ષક(DSP)ની નિમણૂક કરી. તેણે જુદી જુદી જગ્યાએ પોલીસ સ્ટેશનો શરૂ કર્યાં. દરેક પોલીસ સ્ટેશન પર એક ફોજદારની નિમણૂક કરી, દરેક ગામમાં એક ચોકીદાર નીમ્યો. બ્રિટિશ પોલીસતંત્રમાં ઉચ્ચ હોદ્દાઓ પર માત્ર અંગ્રેજોની જ નિમણૂક કરવામાં આવતી. ભારતીયોની સિપાહી (કૉન્સ્ટેબલ) કક્ષાએ ભરતી કરવામાં આવતી.

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[20]**

12. ટૂંકનોંધ લખો : પ્લાસીનું યુદ્ધ

**જવાબ :**

- અંગ્રેજોએ ફોર્ટ વિલિયમને કિલ્લેબંધી કરતાં બંગાળના નવા સિરાજ-ઉદ્-દૌલા સાથે તેના સંબંધો કર્તાપૂર્ણ બન્યા.
- જે નવાબે 15 જૂન, 1756માં ફોર્ટ વિલિયમ પર આક્રમણ કરી અંગ્રેજોને હરાવ્યા. અંગ્રેજોની હારના સમાચાર સાંભળી મદ્રાસથી ક્લાઈવ નેતૃત્વ હેઠળ સેનાની એક ટૂકડી કલકત્તા મોકલાઈ.
- અંગ્રેજોએ કૂટનીતિના ભાગરૂપે લાંચ આપી નવાબના વિશ્વાર માણેકચંદ, મુખ્ય સેનાપતિ મીરજાફર, શાહુકારો જગત શેઠ રાય દુર્લભ અને અમીચંદને પોતાના પક્ષે કરી દીધા. 23 જૂન, 1757માં ક્લાઈવ અને નવાબની સેના વસ્ત્ર મુર્શિદાબાદ પાસેના "પ્લાસી'માં યુદ્ધ થયું.
- આ યુધ્ધમ મીરજાફરના વિશ્વાસઘાતને કારણે નવાબની સેના હારી ગઈ અંગ્રેજોએ સિરાજ-ઉદ-દૌલાને પકડી હત્યા કરી. પ્લાસીના યુધ્ધ પછી સમગ્ર બંગાળ અંગ્રેજોના અધિકાર આવી ગયું. અંગ્રેજો એ વેપારીમાંથી સંસ્થાના માલિક બન્યા પ્લાસીના યુધ્ધ પછી જ ભારતના વિજયનો માર્ગ ખૂલ્યો.

13. ટૂંકનોંધ લખો: બક્સરનું યુદ્ધ

**જવાબ :**

- જે બંગાળના નવાબ મીરકાસમે અવધના નવાબ અને મુઘલ સમ્રાટ સાથે મળી અંગ્રેજોને ભારતની બહાર હાંકી કાઢવાની યોજના બનાવી. 50,000 જેટલાં સૈનિકોની સંયુક્ત સેના સામે 1,072 કંપની સેના એ મેજર મનરોના વડપણ હેઠળ 22 ઓક્ટોમ્બર 1764માં બક્સરના મેદાનમાં યુદ્ધ કર્યું.
- યુધ્ધના પરિણામે અંગ્રેજોની જીત થઈ, ત્રણ શાસકોને હરાવત અંગ્રેજો વધુ મજબૂત બન્યાં. બક્સરના યુધ્ધથી અંગ્રેજોને બંગાળ, બિહાર અને ઓરિસ્સા દિવાની અધિકારો પ્રાપ્ત થયાં. બક્સરના યુધ્ધ પછી અંગ્રેજ વિધિસર માલિક બન્યા.
- જ્યારે આ ત્રણ પ્રદેશના વહીવટ જવાબદારી નવાબના શિરે આવી. આમ બક્સરના યુધ્ધના અંતે બંગાળમાં "દ્વિમુખી શાસન પધ્ધતિ અમલમાં આવી.

14. ટૂંકનોંધ લખો: અંગ્રેજ-મરાઠા યુદ્ધ

**જવાબ :**

- 18મી સદીમાં કપની સરકારે મરાઠાઓની તાકાત તોડવા અને પ્રયત્નો કર્યા. અને ઈ.સ. 1761 ના પાણીપતના ત્રીજા યુધ્ધમ તેઓ સફળ થયા હતાં.
- આ યુધ્ધ પછી મરાઠાઓનું શાસન સિંધિયા, હોલકર, ગાયક અને ભોંસલે એમ ચાર રાજવંશોમાં વહેંચાયું. અને આ રાજ પેશવા (સર્વોચ્ચ મંત્રી)ના નિયંત્રણમાં હતાં.
- અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે ત્રણ મહત્વના યુધ્ધો થયા. પ્રથમ યુધ્ધનું કોઈ જ પરિણામ ન આપ્યું સાલબાઈની સંધિના પરિણામે બંને પક્ષોએ જીતેલા પ્રદેશો એકબીજાને પરત કર્યા. દ્વિતીય યુધ્ધમાં અંગ્રેજોએ લૉર્ડ વેલેસ્લીના નેતૃત્વ હેઠળ અંગ્રેજોને આપી. આગ્રા અને દિલ્લીનાં ક્ષેત્રો અંગ્રેજોના તાબામાં આવે છે
- જ્યારે તૃતીય યુધ્ધમાં અંગ્રેજોએ મરાઠાની તાકાત કચડી નાખી તે મરાઠાના પેશવાને પૂણેથી બિઠુર મોકલી દીધા. અને પરિણામે સ્વરૂપ અંગ્રેજોએ વિધ્યાચલથી દક્ષિણના બધા જ ભાગ કંપનીની સત્તા સ્થાપીત કરી.

15. ટૂંકનોંધ લખો: મૈસુર - વિગ્રહ

**જવાબ :**

- દક્ષિણ ભારતમાં વિજયનગર સામ્રાજયના અંત થતા મૈસુરમે હૈદરઅલી સૌથી શક્તિશાળી શાસક તરીકે ઉભરી આ યુરોપીયન પધ્ધતિએ આધુનિક લશ્કર અને લશ્કરી તાલીમ અને શસ્ત્રથી સુસજ્જ શક્તિએ અંગ્રેજોને વિચારતા કર્યા. અંગ્રેજો અને મૈસુર વચ્ચે ચાર વિગ્રહો થયા. પ્રથમ મૈસુર વિગ્રહ અનિર્ણિત રહ્યું.
- દ્વિતિય વિગ્રહ દરમ્યાન હૈદરઅલીનું મૃત્યુ થતાં બંને પક્ષો સંધિ થઈ.
- તૃતીય વિગ્રહમાં ટીપુ સુલતાને ભયંકર ખુવારી સાથે હાર કરી.
- જ્યારે ચોથા વિગ્રહમાં ટીપુ સુલતાન વીરગતિને પામ્યા. આમ, મૈસુર વિગ્રહો દ્વારા અંગ્રેજોએ દક્ષિણના શક્તિશારી શાસનનો અંત લાવી દક્ષિણમાં પોતાની સત્તા મજબૂત કરી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in